જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૦૧/૨૦૨૪ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૫૭ લીટર દેશી દારૂ, ૪૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૮ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૫/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૩૬/૨૦૨૪

**ચાંદખેડાઃ** મયંકકુમાર ચિમનલાલ સોલંકી (રહે.માધવવિલા બંગ્લોઝ, અવની ડીમોરા પાછળ, ઝુંડાલ સર્કલ, ચાંદખેડા) એ તા.૨૫/૦૧/૨૦૨૪ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૧/૨૦૨૪ બપોરના ૩/૦૦ થી તા.૨૪/૦૧/૨૪ બપોરના ૩/૩૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા, આઇ.ઓ.સી.રોડ, સ્નેહપ્લાઝા પાછળ, શક્તિકૃપા બંગ્લોઝ ખાતે આવેલ મયંકકુમારના પિતાના મકાનના રસોડાની બારી તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની બંગડી કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી સી.એચ.ગામેતી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭/૨૦૨૪**

**મણીનગરઃ** સુનિતાબહેન વા/ઓ આલોક શુભકરણ શર્મા (ઉ.વ.૨૫) (રહે. પ્રેસ્ટીઝ બંગ્લોઝ સ્મૃતિમંદિર પાસે ઘોડાસર) તા.૨૫/૦૧/૨૦૨૪ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે મણીનગર રેલવે સ્ટેશન ત્રણ રસ્તા પાસે રાજરત્ન આર્કેડ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ સુનિતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૮૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુનિતાબહેન શર્માએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૮/૨૦૨૪**

**નવરંગપુરાઃ** ઇશાન કમલેશભાઇ સુરતી (ઉ.વ.૩૬)(રહે.જય વિષ્ણુ સોસાયટી સુવાસ ફ્લેટ સામે નવરંગપુરા) એ તા.૨૪/૦૧/૨૦૨૪ સાંજના ૫/૩૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા સુવાસ કોલોની નજીક આવેલ ચાર રસ્તા પાસે પોતાની કાર ચલાવી પસાર થતા હતા ત્યારે બે ટુ-વ્હીલર ઉપર આવેલ ત્રણ પુરૂષ એ ભેગામળી ઇશાન સુરતીની નજર ચુકવી કારની આગળની સીટ ઉપર મુકેલ બેગ ચોરી કરી લઈ નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૧૬,૮૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દુર્રાની ચલાવે છે.

**કાગડાપીઠઃ** માલતીબહેન વા/ઓ સંદીપભાઇ પંચાલ (ઉ.વ.૩૮)(રહે.મગનભાઇ દેસાઇની ચાલી બારોટ સાડી સેન્ટર પાછળ ગણેશનગર રાવળ પાડા ને.હા. દહીસર ઇસ્ટ મુંબઇ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૪ના બપોરના ૨/૩૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન ગીતા મંદીર એસ.ટી.બસ સ્ટેન્ડના પ્લેટફોર્મ નંબર-૨૧ ખાતે બસમા ચડતી વખતે અજાણી વ્યક્તિએ માલતીબહેનની નજર ચુકવી તેમના નાના પર્સમાંથી સોનાની પેડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-, સોનાની બુટી કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- ચાંદીનો ઝુડો કિંમત રૂપિયા ૩૦૦૦/-, ચાંદીની ઝાંઝર કિંમત રૂપિયા ૬૦૦૦/-, ઘડીયાલ નંગ-૨ કિંમત રૂપિયા ૨૦૦૦/-, રોકડ રૂપિયા ૧૪,૫૦૦/- અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૬૪,૫૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**વાસણાઃ** મયકલ મનાશાહ ક્રિશ્ચયન (ઉ.વ.૪૭)(રહે.શાંતિપુરા ચોસર ગામડી) એ તા.૨૫/૦૧/૨૦૨૪ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૪ બપોરના ૩/૩૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન વાસણા એ.પી.એમ.સી. ચાર રસ્તા ખાતે મયકલ ક્રિશ્ચયનની છોટા હાથી ગાડીમાંથી સીગરેટનુ કાર્ટુન નંગ-૧ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.પરીખ ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૯/૨૦૨૪**

**મેઘાણીનગરઃ** કુલદીપસિંહ રામબરણસિંહ તોમર (ઉ.વ.૨૮)(રહે.કુંભાજીની ચાલી, રામેશ્વરબ્રીજ નીચે મેઘાણીનગર) તા.૨૮/૧૨/૨૦૨૩ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર રામેશ્વર બ્રીજ નીચે રેલ્વેની અડફેટે આવી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પંકજભાઈ દશરથભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૦/૨૦૨૪**

**ઘાટલોડીયાઃ** મહમદ હીયાદત શેખ (ઉ.વ.૪૫)(રહે.અલફલા ફ્લેટ ત્રણ બતી જુહાપુરા, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૧/૨૦૨૪ કલાક ૧/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન જગતપુર નવા બ્રિજ રેલવેફાટક નીચે પોલ.નંબર- ૫૦૭ પાસે ટ્રેઇન નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેશભાઇ સવાભાઇ ચલાવે છે.

**શાહપુરઃ** હિરલબહેન ડો/ઓ નારણભાઈ પવાર (ઉ.વ.૨૫)(રહે.બાવાનો વંડો ભોઈવાડા શાહપુર) એ બિમારીથી કંટાળી તા.૨૪/૦૧/૨૦૨૪ રાતના ૯/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ધાબા ઉપર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શકતાભાઈ જકશીભાઈ ચલાવે છે.

**નિકોલઃ** બ્રિજેશ સ/ઓ શંકરભાઈ પટેલ (ઉ.વ.૪૩)(રહે.તેજેન્દ્રપ્રકાશ સોસાયટી ખોડીયારનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૧/૨૦૨૪ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન સાંજના ૫/૫૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ જગતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી